

દેના ગ્રામીણ બેંક સેક્ટર-૭ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

## @ગાંધીનગર

### આજે ગણેશચતુર્થી

● સે-૨૨ રંગમંચ ખાતે સાર્વજનિક ગણેશોત્સવમાં રાત્રે ૮.૩૦ કલાકે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના બાળકોનો વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ.

● સે-૧૬ બ્રહ્મ સમાજ ભવન ખાતે રાત્રે ૮ કલાકે સીંગીગ એન્ડ ડાન્સીંગ ટેલેન્ટ હન્ટ, યુપીએસસી-જીપીએસસી પાસ કરેલ તારલાઓનું સન્માન.

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ભજન સમ્રાટ પરેશ વાડિયા અને સાહિત્ય તથા હાસ્ય કલાકાર ભોળાભાઈ આહિરનો રંગ કસુંબલ ડાયરો.

● સે-૨-સી ગણેશ ચોક ખાતે રાત્રે ૯ કલાકે જીઈ કલબ દ્વારા કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક માતા-પિતાને વંદન.

● સે-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે રતનસિંહ વાઘેલા દ્વારા રાસ ગરબાનો કાર્યક્રમ.

● સે-૩-એ સિદ્ધિ વિનાયક મિત્ર મંડળ દ્વારા વગડાવાળી માતાજીના મંદિર ખાતે રાત્રે ૯ કલાકે વિવિધ રમતોની સ્પર્ધા

●●●●

● સે-૨૨ ખાતે જૈન દેરાસરમાં સવારે ૮ કલાકે બારસાસૂત્ર પૂજન, વાંચન અને નિદર્શન તથા બપોરે ૨.૩૦ કલાકે સંવત્સરી પ્રતિક્રમણ તથા સામૂહિક ક્ષમાપના યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ગેમી દ્વારા ઓઝોન ડે ઉજવાયો

## વિવિધ સ્પર્ધાઓમાં ૧,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સ્થિત ગુજરાત સરકારની સ્વાયત્ત સંસ્થા ગુજરાત એન્વાયરન્મેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (ગેમી)એ આજે શહેરના સે-૩૦માં આવેલા ટીઆરઓ સંકુલ ખાતે ઓઝોન ડેની ભવ્ય ઉજવણી કરી હતી.

કાર્યક્રમની શરૂઆત અગ્રણી સામાજિક કાર્યકર શ્રી સોમભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ઉદઘાટન સમારંભ સાથે થઈ હતી. ઉજવણી નિમિત્તે ગેમી દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ જેવી કે ઓપન કિવઝ કોમ્પિટિશન, પોસ્ટર પ્રેઝન્ટેશન, સ્લોગન રાઈટીંગ અને વકતૃત્વ સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ગાંધીનગર તથા આસપાસની શાળાઓના ૧,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓમાં વિજેતા થનારા પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

સમાપન સમારંભને સંબોધતા મંત્રીશ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે ગેમી દ્વારા આયોજિત ઓઝોન ડેની ઉજવણીમાં આ વર્ષે વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. આ બાબત પર્યાવરણના જતનના સંદર્ભમાં એ એક શુભ સંકેત સમાન છે. પૃથ્વી પર જીવન ટકાવી રાખવા ઓઝોનના સ્તરનું સંરક્ષણ અનિવાર્ય છે. આ માટેના પ્રયાસોમાં દેશની ભાવિ પેઢીની ભાગીદારી એટલી જ મહત્વની છે, કારણ કે ગંભીર પ્રયાસમાં જયાં સુધી દેશની ભાવિ પેઢી ભાગ ન લે ત્યાં સુધી તેની સફળતાને ઈચ્છિત સ્તર સુધી લઈ જવી શકય નથી. આથી આજની સ્પર્ધામાં મોટી સખ્યામાં વિદ્યાર્થીઓની ભાગીદારી સારી નિશાની છે.

શ્રી પુનમચંદ પરમારે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્તરે આજની ઉજવણીની થીમ 'ઓઝોનના જતન માટે ૩૦ વર્ષનો સહયોગ' રાખવામાં આવી છે. પ્રતિ વર્ષ ૧૬મી સપ્ટેમ્બરને ઓઝોન ડે તરીકે ઉજવવાની જાહેરાત યુનોની સામાન્ય સભા દ્વારા ૧૯૯૪માં કરવામાં આવી હતી. પરંતુ ઓઝોનના સ્તરને ઘટાડતા તત્ત્વો અંગેના મોન્ટ્રેલ પ્રોટોકોલ પર ૧૯૮૭ની ૧૬મી સપ્ટેમ્બરે વિવિધ દેશો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હોવાથી આ દિવસની ઉજવણી માટે આ તારીખ પસંદ કરવામાં આવી હતી.

સમારંભને સંબોધતા ગેમીના ડાયરેકટર ડૉ. સંજીવ ત્યાગીએ જણાવ્યું હતું કે ગેમી દ્વારા આજે આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓની આટલી મોટી સંખ્યામાં હાજરી પર્યાવરણના મુદ્દે જાગૃતિ ફેલાવવાની ગેમીની પ્રવૃત્તિ વેગ પકડી રહી છે, તેનો સ્પષ્ટ સંકેત આપે છે. મને આશા છે કે આગળ જતાં ગેમીની સંશોધન સહિતની પ્રવૃત્તિઓ પર્યાવરણન જતન અને સંવર્ધનમાં મોટો સહયોગ આપશે.

### ઓઝોન ડે નિમિત્તે ગેમી દ્વારા વિવિધ સ્પર્ધા યોજાઈ

ઓઝોન ડેની ઉજવણી નિમિત્તે ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) દ્વારા શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ માટે ઓપન કિવઝ કોમ્પીટીશન, પોસ્ટર પ્રેઝન્ટેશન, સ્લોગન રાઈટીંગ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન સભાગૃહ ટી.આર.ઓ. સંકુલ ખાતે કરવામાં આવ્યું હતું. ગાંધીનગર તેમજ આસપાસની શાળાઓના એક હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. જેમાં પોસ્ટર પ્રેઝન્ટેશનમાં પ્રથમ ક્રમે આર. રુતવાની, બીજા ક્રમે દિપક ચોચા અને અભય ત્રીજા ક્રમે કુલદીપ ભાલોડીયા. તેવી જ રીતે સ્લોગન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રાચી પટેલ, દ્વિતિય ક્રમે અશ્વી પટેલ, તૃતીય ક્રમે અક્ષિતા મિશ્રા જયારે ઓપન કિવઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમે રોનક કુમારી, દ્વિતિય ક્રમે જયમીન પટેલ, તૃતિય ક્રમે એશા કુલશ્રેષ્ઠા અને ફોરમ પટેલ, ડિબેટ કોમ્પીટીશનમાં ધો-૮ સુધીના વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે વિભા એલ્સા, દ્વિતિય ક્રમે પ્રાચી સોની, તૃતીય ક્રમે જીનલ ચાવડા, શશીકુંવરબા રહેવર જયારે ૯ થી ૧૨ ધોરણમાં વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે મુદ્રા પટેલ, દ્વિતીય ક્રમે પ્રાચી મોદી, તૃતીય ક્રમે નિલય અને પટેલ માનવ વિજેતા બન્યા હતા. તમામ વિદ્યાર્થી મિત્રોને આમંત્રિત મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ કરાયા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.



## વાતવાતમાં

● સે-૨૪/૧ પ્રાથમિક શાળામાં જ્ઞાનસપ્તાહના સમાપન પ્રસંગે ઉપસ્થિત શાસનાધિકારી અસ્મિતાબેન દવેએ જુદી જુદી સ્પર્ધાઓમાં વિજેતા ૪૦ બાળકોને ઈનામથી સન્માન્યા હતા. અસ્મિતાબેને બાળકોને 'તમારી જિજ્ઞાસા જાળવી રાખશો તો જીવનમાં સુખી થશો' તેવી શીખ આપી હતી.

● સિવિલ હોસ્પિટલમાં આંખ, કાન, નાક અને ગળાના ઈન્ફેકશનના દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. નગરજનો મોટી સંખ્યામાં વાઈરલ સીઝનલ બિમારીની ઝપટમાં સપડાયાં છે.

● ગાંધીનગરમાં ગુરુવારથી ગણેશ ઉત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે આજે દિવસભર ઢોલ નગારા સાથે વાજતે ગાજતે ગણપતિ દાદાની મૂર્તિઓ લઈ દોડતા વાહન જોવા મળ્યા હતાં.

● વાસણ મહાદેવ ગામમાં ઘર આંગણે રમી રહેલી ૯ વર્ષીય બાળા આસા દેવુભા વાઘેલાને સાપે દંશ માર્યો હતો. બાળાનું સારવાર દરમિયાન દુઃખદ નિધન થવા પામ્યું છે.

- સમીર રામી
9924446645

### આરાધના સ્કૂલમાં હિન્દી દિવસ ઉજવાયો

સમગ્ર દેશમાં ૧૪મી સપ્ટેમ્બરના દિવસને રાષ્ટ્રીય હિન્દી દિવસ તરીકે મનાવવામાં આવે છે. તે સંદર્ભે આજ રોજ સે-૨૮ આરાધના સ્કૂલમાં હન્દી દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં ધો-૯ના વિદ્યાર્થીઓએ ઉપન્યાસ સમ્રાટ પ્રેમચંદના જીવન અને કવન વિશે હિન્દી ભાષામાં વકતવ્ય આપ્યું હતું. સંત કબીર, રહીમ અને સંત તુલસીદાસના દુહા-કાવ્યોનું ગાન કર્યું હતું. તેમજ શકય બને તેમ વ્યવહારમાં રાષ્ટ્રભાષા હિન્દી ઉપયોગ કરી તેનુ મહત્વ વધારવાનો સંકલ્પ કર્યો હતો. આ કાર્યક્રમને સમગ્ર શૈક્ષણિક તથા વહિવટી સ્ટાફે સહયોગ આપી સફળ બનાવ્યો હતો.

## ગાંધીનગર બીબીએની કોલેજ દ્વારા 'મોક ટેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.બી.એ. કોલેજ, ગાંધીનગર દ્વારા વિવિધ સરકારી તેમજ બિનસરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી થાય તેમજ ઉચ્ચ અભ્યાસ માટે શ્રેષ્ઠ કોર્સમાં દાખલ થઈ શકે તે હેતુથી જનરલ નોલેજ, ઈંગ્લીશ, રીઝનિંગ, મેથ્સ જેવા વિષયોને આવરી લેતી ૧૦૦ પ્રશ્નોની મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.બી.એ. કોલેજમાં સેમ-૧, ૩, પમાંથી કુલ ૬૪૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરીક્ષા અલગ અલગ ૧૬ વર્ગમાં આયોજીત થઈ હતી.

આ પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મકતા વધે તેમજ પૃથ્થકરણ અને તર્ક કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી પરીક્ષાના પ્રશ્નોને ચાર વિભાગોમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. તેમાં મુખ્યત્વે સામાન્ય જ્ઞાન, તર્કશકિત, વ્યવહારિક ગણિત અને અંગ્રેજી જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. તદઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરાવતી આ કોલેજ દ્વારા આયોજીત 'મોક ટેસ્ટ'ને વિદ્યાર્થીઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો તેમજ વિદ્યાર્થીઓ ઉત્સુકતાપૂર્વક પરીક્ષામાં હાજર રહ્યા હતા.



પરીક્ષામાં બેઠેલા સેમેસ્ટર-પનાં વિદ્યાર્થીઓએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે સ્પર્ધાત્મકતાના યુગમાં દરેક ક્ષેત્રે વિદ્યાર્થીઓએ આ પ્રકારની પરીક્ષાઓ ફરજીયાત પણે પાસ કરવાની હોય છે. આથી આ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજજવળ બને તે હેતુથી આ એક ઉમદા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની ગંભીરતા ઉભી થાય તે હેતુથી કોલેજ દ્વારા 'સ્પર્ધાત્મકતા પરીક્ષાઓની તૈયારી' રૂપે દરેક સેમેસ્ટરમાં આશરે ૧૫ કલાકનાં વિશિષ્ઠ વર્ગો આયોજીત કરવામાં આવેલ. આ તમામ આયોજીત વર્ગો તેમજ પરીક્ષાનાં સંચાલનમાં કોલેજનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પુષ્ટીના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના, ધર્મેન્દ્રભાઈ રાઠોડ અને અન્ય અધ્યાપકોએ ખુબ જ મહેનત દાખવી હતી.

### સી.એમ. હાઈસ્કૂલના ખેલાડીઓની રાજયકક્ષા માટે પસંદગી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સે-૨૩ના ખેલાડીઓએ ગાંધીનગર શહેરમાં જિલ્લા કક્ષાની કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીકસ સ્પર્ધામાં સારો દેખાવ કર્યો હતો.

અંડર-૧૭ કબડ્ડીની સ્પર્ધા જે.એમ. ચૌધરી સે-૭ ખાતે, ખો-ખોની સ્પર્ધા શ્રી સ્વામિનારાયણ ધામ ખાતે, વોલીબોલની સ્પર્ધા શ્રી સ્વામીનારાયણ હાઈસ્કુલ સે-૨૩ ખાતે અને એથ્લેટીકસની સ્પર્ધા સાંઈ સે-૧૫ ખાતે રાખવામાં આવી છે જેમાં રાજયકક્ષાની ખો-ખોની સ્પર્ધા માટે પ્રસેરા પટેલ (અંડર-૧૯), દિપક ઠાકોર (અંડર-૧૭), અજયસિંહ ડાભી, પાર્થ સોલંકી, વિવેક સોલંકી, હરપાલ વાઘેલા, કશ્યપ સોલંકી (અંડર-૧૭), વોલીબોલની સ્પર્ધા માટે લવ ચૌધરી (અંડર-૧૭), રવિ પટેલ (અંડર-૧૭) તેમજ એથ્લેટીકસમાં ૨૦૦ મી. પ્રથમ અજય જાડેજા સહિત ઉપરોકત તમામ ખેલાડીઓની રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે.

શાળાના વ્યાયામ શિક્ષક લાભુભાઈ દેસાઈએ સઘન તાલીમ આપી હતી તેમજ શાળાના આચાર્યશ્રી બી.કે. પટેલ સાહેબ, સુપરવાઈઝર શ્રી હરિભાઈ કે. પટેલ, પી.સી. પટેલ અને શાળાના પરિવારોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### દેના ગ્રામીણ બેંક સેકટર-૭ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો







ગાંધીનગર, તા.૧૬

દેના ગુજરાત ગ્રામીણ બેંક ગાંધીનગર સેકટર-૭ શાળા તેમજ રેડક્રોસ સોસાયટી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન સે-૭ દેના બેંક શાખા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકના કર્મચારી અને બેંકના ખાતેદારોએ ઉત્સાહપૂર્વક રકતદાન કરતાં ૩૨ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું.

દેના ગ્રામીણ બેંક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બેંકના ચેરમેન જી.કે. પાનેરી સાહેબે દિપ પ્રાગટય કરી બ્લડ કેમ્પનો પ્રારંભ કર્યો હતો. બ્લડ કેમ્પમાં અધિકારી-કર્મચારી સહિત અન્ય વ્યકિતઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રકતદાન કર્યું હતું અને કુલ ૩૨ બોટલ રકત એકત્ર થયું હતું. આ ઉપરાંત બેંકના ફાઉન્ડેશન દિવસ નિમિત્તે ગ્રાહક મિલન સમારોહ પણ યોજવામાં આવ્યો હતો. ભારત સરકારની યોજના અન્વયે મુદ્રા લોન અંતર્ગત લાભાર્થીઓને ધિરાણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકના જનરલ મેનેજર આર.એસ. ચૌધરી, રીજીયોનલ મેનેજર આર.એલ. બેરવા સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બેંકના શાખાના સીનીયર મેનેજર કે.એચ. પટેલે કર્યું હતું.

(તસવીર : દિપક જાની)

### એમ.બી. પટેલ શાળામાં ગણેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ પ્રા. શાળામાં આજે વિઘ્ન વિનાયક દેવ ગણેશજીના ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓ દ્વારા વેશભૂષા, ડાન્સ તથા નાટક જેવા પ્રસંગો વિદ્યાર્થીનીઓ દ્વારા બતાવવામાં આવેલ. ભગવાન ગણેશજીને સમગ્ર કેમ્પસમાં વરઘોડારૂપે ફેરવી છેલ્લે આરતી ઉતારી અને બાળકોનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મદદનીશ શિક્ષિકા ગીતાબેન પટેલે કર્યું હતું. શાળાના આચાર્યાશ્રી નીરૂબેન જે. પટલે તમામ વિદ્યાર્થીની બહેનોને ગણેશ ઉત્સવની શુભકામના તથા સંવત્સરીના પવિત્ર પ્રસંગે તમામને મિચ્છામી દુક્કડમ પાઠવ્યા હતાં.

### ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓનો એથ્લેટિકસમાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૧૫

રાજયના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની મહિલા ઓપન એથ્લેટિકસ સ્પર્ધા ગ્રામ્ય અને શહેર વિભાગ માટે તાજેતરમાં સે-૧૫ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરની પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનોએ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. આશા ચૌધરીએ ૧૦૦ મીટર અને ૪૦૦ મીટર દોડમાં પ્રથમ, પ્રિયંકા ખૈરે ૨૦૦ મીટર દોડમાં પ્રથમ, સીતા ચારેલે ૮૦૦ મી. અને ૧૫૦૦ મીટરમાં પ્રથમ તેમજ રમીલા શાહુએ લાંબી કુદમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત શારદા મીઠાપરાએ ૨૦૦ મીટરમાં દ્વિતિય, પુષ્પા ચૌધરીએ ૭૦૦ મીટરમાં દ્વિતિય તથા મંજુલા ચૌધરીએ બરછી ફેંકમાં દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. ઉત્કૃષ્ઠ દેખાવથી કોલેજનું ગૌરવ વધારવા બદલ આચાર્યા ઉર્મિલાબેન ચૌધરી તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

## સેકટર-પમાં વિનાયક યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવ

ગાંધીનગર, તા.૧૬

શ્રી વિનાયક યુવક મંડળ દ્વારા વિનાયક ચોક સેકટર-૫-બી ગાંધીનગરમાં તા. ૧૭મી સપ્ટેમ્બરથી તા. ૨૩મી સપ્ટેમ્બર દરમિયાન સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરેલ છે. ગણેશ મહોત્સવના આયોજન માટે છેલ્લા ૧૫ દિવસથી યુવકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

ગણેશ મહોત્સવ દ્વારા દરરોજ અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૭મીએ વિઘ્નહર્તા ગણેશની શોભાયાત્રા નીકળશે. જયાં સાર્વજનિક ગણેશ મહોત્સવ માટે મુર્તિની સ્થાપના કરવામાં આવશે. સવાર -સાંજ આરતી કરવામાં આવશે.

મહોત્સવ દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૭મી સપ્ટેમ્બરે નિબંધ સ્પર્ધા, રોપ સ્કિપીંગ રમતનું નિદર્શન રાષ્ટ્રીય ખેલાડી દ્વારા કરવામાં આવશે. તા. ૧૮મીએ ટેલેન્ટ સ્પર્ધા યોજાશે. ડાન્સ, મીમીક્રી, નાટક પણ રજુ થશે. તા. ૧૯મીએ રમત સ્પર્ધા યોજાશે. જેમાં દોડ, દોરડાકુદ, આંધળાનો ગોળીબાર, કોથળાદોડ, લીંબુ ચમચો, સંગીત ખુરશી જેવી રમતો યોજાશે.

તા. ૨૦મીએ જી-૩ સાયકલ કલબના ઉપક્રમે સ્લો સાયકલ રેસ-ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૧મીએ જય અંબે મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાશે. પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સામાજિક જાગૃતિનું નાટક રજુ કરાશે. તા. ૨૨મીએ વિવિધ સ્પર્ધાઓના ઈનામ વિતરણ અને ૨૩મીએ બપોરે ગણેશની મુર્તિની વિસર્જન યાત્રા નીકળશે તેમશ્રી ભરતજી ઠાકોર કાર્યકર વિનાયક યુવક મંડળે જણાવેલ છે.

### માઉન્ટ કાર્મેલના પાર્કિંગમાંથી વિદ્યાર્થીના મોપેડની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૨૧ ખાતે સ્થિત કંગન જવેલર્સના માલિક અરવિંદકુમાર શાંતિલાલ શાહનો દિકરો ચિરાગ માઉન્ટ કાર્મેલમાં અભ્યાસ કરે છે. ૯ સપ્ટેમ્બરે ચિરાગ પોતાનું મોપેડ હોન્ડા ડીયો નં.જીજે-૧૮-સીબી-૨૮૯૯ લઈને માઉન્ટ કાર્મેલ સ્કુલમાં અભ્યાસ કરવા ગયો હતો. શાળા છુટયા બાદ જયાં ચિરાગે મોપેડ મુકયું હતું ત્યાં શાળાના પાર્કિંગમાં ગયો અને જોયું તો મોપેડ ગાયબ હતું. કોઈ શખ્સ માઉન્ટ કાર્મેલના પાર્કીંગમાંથી રૂ. ૩૦ હજારની કિંમતનું વિદ્યાર્થીનું મોપેડ ચોરીને ફરાર થઈ ગયું હતું. આ વાહનચોરી અંગે વિદ્યાર્થીના પિતા અરવિંદકુમારની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ બી.કે. અસારીએ વધુ તપાસ શરુ કરી છે.

## અંબાજી પદયાત્રાના માર્ગો પર વિસામા ઓછા થયા

### પાટીદારો અનામત આંદોલનમાં વ્યસ્ત બન્યા તો બીજી તરફ ભારે મંદી અને વરસાદ કારણભૂત

ગાંધીનગર, તા.૧૬

જગત જનની જગદંબાના પવિત્ર ધામ અંબાજીએ પગપાળા પહોંચવા શ્રધ્ધાળુઓ પદયાત્રાએ નીકળી રહ્યા છે ત્યારે દર વર્ષે અંબાજીના માર્ગો ઉપર મોટી સંખ્યામાં વિસામા ઉભા કરી પદયાત્રીઓની સેવાનો લાભ મેળવાય છે. પરતુ આ વર્ષે આ વિસામા ઉભા કરવામાં નિરૂત્સાહ વર્તાઈ રહ્યો છે અને વિસામા ઓછા થવાની શકયતા લાગી રહી છે.જો કે યુવાન પાટીદારો અનામત આંદોલનમાં વ્યસ્ત બન્યા છે તો બીજી તરફ અર્થતંત્રમાં ભારે મંદી અને વરસાદની ખેંચ પણ વિસામામાં ઘટાડા માટે કારણભૂત મનાઈ રહ્યું છે.

ભાદરવી પૂનમે મા આદ્ય શકિતના ચરણોમાં શીશ ઝુકાવવા મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ પદયાત્રાએ નીકળે છે. અત્યારથી જ શરૂ થયેલી શ્રધ્ધાળુઓની પદયાત્રા દિન પ્રતિદિન વધતી જાય છે. આ પદયાત્રીઓની સેવામાં ખડેપગે રહેવા અંબાજી તરફના તમામ માર્ગો ઉપર વિસામા શરૂ કરાય છે. જેમાં રહેવા, જમવા, આરામ કરવા, તબીબી સહાય સહિત અનેક સેવા પુરી પડાય છે. પરંતુ આ વર્ષે વિસામાની સંખ્યા ઓછી હોવાની ચર્ચાઓ થઈ રહી છે. દર વર્ષે નક્કી સ્થળોએ વિસામા કરતા સેવાભાવીઓએ જે તે સ્થળે હાલ પગરવ પણ માંડયા નથી જયારે શ્રધ્ધાળુઓની પદયાત્રા શરૂ થઈ ગઈ છે જેથી વિસામાના અભાવે પદયાત્રીઓની સેવામાં ઘટાડો થવાની શકયતા સેવાઈ રહી છે.



જો કે વિસામો ઉભો કરી ખડે પગે રહેનાર પાટીદાર યુવાનો હાલમાં અનામત આંદોલનમાં વ્યસ્ત બન્યા છે તેની અસરો વર્તાઈ છે તો બીજી તરફ વ્યવસાયીક ક્ષેત્રે ભારે મંદીનો સામનો કરી રહેલા સેવાભાવીઓ પણ નિરાશ થઈ વિસામો ઉભો કરી શકયા નથી તો ગામેગામ થતા વિસામામાં ખેડુતભાઈઓ પણ સામેલ હોય છે જેઓ વરસાદની ખેંચ ઉભી થતા મુરઝાતા પાકોને જીવતદાન આપવામાં મગ્ન બન્યા છે જેવા મહત્વના કારણો થકી વિસામાની સંખ્યા ઘટી હોય તેવું અનુમાન થઈ રહ્યું છે. વધુમાં રાજયમાં વકરેલા સ્વાઈન ફલ્યુ તથા અન્ય રોગચાળાની દહેશતથી પણ કેટલાક સેવાભાવીઓએ વિસામો ન કર્યો હોવાની અટકળો ઉભી થઈ છે. એકંદરે વિસામા ચાલુ વર્ષે ઓછા થયા છે.

### ગણેશ મહોત્સવના પવિત્ર દિવસોમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગણેશ મહોત્સવના પવિત્ર દિવસો દરમ્યાન ગાંધીનગર ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૭થી ૨૩ સપ્ટેમ્બર દરમ્યાન સાત દિવસ સુધી આ કથાનો કાર્યક્રમ યોજાશે. ગાંધીનગરના જાણીતા યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતીજીની વ્યાસપીઠે 'શાંતિકુંજ' ગાર્ડન, પ્લૉટ નં. ૨૮, ઊર્જાનગર સોસાયટી વિભાગ-૨, પ્રતીક મૉલની પાછળ, સ્વામિનારાયણ ધામ સ્કૂલ રોડ, ગાંધીનગર ખાતે આ ભાગવત કથા યોજાઈ રહી છે. દરરોજ બપોરે ૩થી ૬ દરમ્યાન આ કથારસની પ્રસ્તુતિ સંજયભારતીજી દ્વારા ભાવિકજનો સમક્ષ કરવામાં આવશે.

સૌ શ્રદ્ધાળુઓને આ પ્રસંગે ઉપસ્થિત રહી કથાનો લાભ લેવા યજમાન ડૉ. પ્રતિક્ષા જોષી પરિવાર તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### ચિરવિદાય

● સ્વ. દેવજીભાઈ આભાભાઈ રબારી, ઉ.વ. ૧૦૧